દાખલ તારીખ : ૩૧–૧૨–૨૦૨૪
રજી. તારીખ : ૩૧–૧૨–૨૦૨૪
ફેંસલ તારીખ : ૦૯–૦૪–૨૦૨૬
સમય:વર્ષ–૦૧, માસ–૦૩,દિવસ–૦૯

**આંક :**

**ફોર્મ–એ**

**જયુડીશ્ચલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં, માણાવદર**
સમક્ષ : અતીત મહેશકુમાર મહેતા
જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

જજમેન્ટ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬
**ફોજદારી કેસ નંબર : ૮૬૨/૨૦૨૪**
બાંટવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૬૨૪૦૧૩૮/૨૦૨૪

| | | |
|---|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર | |
| ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી | એસ. એચ. પરમાર | |
| આરોપી પક્ષ | ૧. | પુજાભાઈ વિરાભાઈ સિંઘલ, ઉ.વ.૨૯, રહે.મધુરમ, યોગીપાર્ક, 'વિશ્વાસ' જુનાગઢ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એમ. આર. શિંગાળા | |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૦૯/૨૦૨૪ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૩/૦૯/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૭/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૧/૦૩ /૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ, જો હોય તો | –– |

| અ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પુજાભાઈ વિરાભાઈ સિંઘલ | નામ.સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ બીએનએસએસની કલમ–૩૫(૪) મુજબ નોટીસ | | બી.એન.એસ.ની કલમ–૨૮૧,૩૨૫ તથા એમ.વી. એકટ ની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. | નિર્દોષ | – | – |

**ફોર્મ–સી**

**:: સાહેદોનું લીસ્ટ ::**

અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદી જીવાભાઈ મુળુભાઈ છેલાણાની જુબાની |
| ૨ | ૧૬ | ત.ક.અ.પૃથ્વીરાજસિંહ જયેન્દ્રસિંહ વાળાની જુબાની |

બ. બચાવ પક્ષના સાક્ષી, જો હોય તો : નથી.

ક. ન્યાયાલયના સાક્ષી જો હોય તો : નથી.

ફરીયાદી/બચાવપક્ષ/ન્યાયાલયના આંકની યાદી.

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::**

અ. ફરીયાદ પક્ષ :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૧૭ | ઈ સાક્ષ્ય સર્ટીફીકેટ |
| ૩ | ૧૮ | આરોપીના મોબાઈલનુ સી.ડી.આર. |
| ૪ | ૧૯ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૫ | ૨૦ | બનાવવાળી જગ્યાનુ પંચનામું |
| ૬ | ૨૧ | પી.એમ.રીપોર્ટ |

બ. બચાવ પક્ષ :

ક. ન્યાયાલય :

ડ. ભૌતિક વસ્તુઓ :

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૩/૯/૨૦૨૪ ના કલાક વાગ્યે પોતાના કબજા ભોગવટાની ટ્રાવેલ્સ રજી.નં.જીજે.૦૬.એવી.૫૦૦૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તેમ ચલાવી આ કામના ફરીયાદીની બે ભેંસોને હડફેટે લઈ મોત નીપજાવેલ જેમાં એક ભેંસની કી.રૂા.૧,૬૫,૦૦૦/- તથા બીજીની કી.રૂા.૧,૮૫,૦૦૦/- એમ બંને મળી કુલ રૂા.૩,૫૦,૦૦૦/- ની નુકશાની કરી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ, ફરીયાદીએ બાંટવા પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં, ગુન્હો નોંધવામાં આવેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા સબબ હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કરતાં, તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલા. આરોપી ને પોલીસ પેપર્સની તમામ નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને સદર ગુન્હા સબબ આંક-૩ થી આરોપી સામે તહોમતનામુ ફરમાવી, આંક-૪ થી આરોપીની પ્લી લેવામાં આવતા આરોપીએ ગુહાનો ઈન્કાર કરતા તેમની સામે ગુન્હાની ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત ફોર્મ-સી મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે ઉપર મુજબના પુરાવા રજુ થયા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલ.ત્યારબાદ રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવું જરૂરી જણાતું ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી તેમજ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની મૌખિક દલીલો સાંભળી.

(૬) ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ઘ્યાને લેતાં, આ કેસનાં ન્યાયિક તથા નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૩/૯/૨૦૨૪ ના કલાક વાગ્યે પોતાના કબજા ભોગવટાની ટ્રાવેલ્સ રજી.નં.જીજે. ૦૬.એવી.૫૦૦૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જીંદગી જોખમાય તેમ ચલાવી આ કામના ફરીયાદી ની બે ભેંસોને હડફેટે લઈ મોત નીપજાવેલ જેમાં એક ભેંસની કી.રૂા.૧,૬૫,૦૦૦/- તથા બીજીની કીંમત રૂા.૧,૮૫,૦૦૦/- એમ બંને મળી કુલ રૂા.૩,૫૦,૦૦૦/- ની નુકશાની કરી બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૩૨૫ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા નિર્ણય અને તેના કારણો નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

-:: **કારણો** ::-

(૮) ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે આ કામે રજુ રાખેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે આંક-૧૧ થી આ કામના મુળ ફરીયાદી જીવાભાઈ મુળુભાઈ છેલાણાએ મૌખિક પુરાવો આપેલ છે જેમાં જણાવેલ છે કે આશરે દોઢેક વર્ષ પહેલા તેઓ બાંટવાના ખારામાંથી તેમની ભેંસો સાથે પસાર થતા હતા ત્યારે બાંટવા બાજુ તેમના ઘર તરફ જવા માટે સાંજના સમયે તેમની ભેંસો લઈને આવતા હતા ત્યારે ગોપેશ્વર મંદીરના રસ્તેથી જતા હતા ત્યારે બાંટવા બાજુ અડધો કીલોમીટર જેટલું ચાલતા પોરબંદર તરફથી મીરા નામની એક ટ્રાવેલ્સ ફુલ સ્પીડે આવેલ અને તેમની આગળ ચાલતી ત્રણ ભેંસોને અડફેટે લીધેલ જેમાં તેમની એક ભેંસ ટ્રાવેલ્સ સાથે ઢસડાયેલ ત્યારબાદ ટ્રાવેલ્સ ઉભી રહી ગયેલી અને તેમની ત્રણ ભેંસોમાં થી બે ભેંસોના મોઢામાંથી જીભ બહાર આવી ગયેલ અને મરણ ગયેલ હોય તેવું લાગતું હતું અને એક ભેંસને ઓછું લાગેલ હતું. આ બસ ડ્રાઈવરનું નામ હાલ તેમને યાદ નથી. તેમની બે ભેંસો મરણ ગયેલ હોય, તેઓની કિં. રૂ.૩,૫૦,૦૦૦/- હોય, તેઓએ આરોપી વિરુધ્ધ બાંટવા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી તેમ જણાવી અસલ ફરીયાદમાં તેઓની સહી ઓળખી આંક-૧૨ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે તથા આરોપી જુનાગઢના છે તેટલો તેમને ખ્યાલ છે, આરોપીને ઓળખતા નથી.સદર ફરીયાદીની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા પોરબંદર જુનાગઢ સ્ટેટ હાઈવે છે, કહેવાતા બનાવવાળી જગ્યાએ અંધારૂ થઈ ગયેલ હતું, તેમની ભેંસોના મોતનું વળતર મેળવવા તેઓએ કલેઈમ કેસ કરેલ છે, ઢોરનું ધ્યાન રાખવાની તમામ જવાબદારી ગોવાળની હોય છે અને તેઓ આ ભેંસોના ગોવાળ તરીકે હતા, કહેવાતા બનાવ વખતે તેઓ તેમની ભેંસોની પાછળ હતા

તેથી કઈ રીતે બનેલ તે તેઓ કહી શકે નહી, રોડ ઉપરથી પસાર થતાં કોઈપણ વાહને હોર્ન વગાડેલ હોય અને ઢોર ભડકીને કઈ દિશામાં જાય તેનું કાંઈ નકકી ન હોય, તેઓએ મરણ જનાર બંન્ને ભેંસો તેમની માલીકીની હોય તેવો કોઈ આધાર તેઓએ તેમની ફરીયાદ સાથે રજુ રાખેલ નથી, તેઓએ આ તેમની ભેંસોની નગરપાલીકા કચેરીમાં પશુધનના રજીસ્ટરમાં કોઈ નોંધ કરાવેલ નથી.

(૯) ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે આ કામે રજુ રાખેલ પુરાવા ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૧૬ થી આ કામના ત.ક.અ. પૃથ્વીરાજસિંહ જયેન્દ્રસિંહ વાળાને તપાસેલ છે જેઓએ ફરીયાદ હકીકતોને તથા પોતે કરેલી કામગીરી મુજબનો સરતપાસમાં પુરાવો આપેલ છે અને આંક–૧૭ થી ઈ સાક્ષ્ય સર્ટીફીકેટ તથા આંક–૧૮ થી આરોપીના મોબાઈલ નંબરના સી.ડી.આર. રજુ રાખેલ છે. જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા પોરબંદર જુનાગઢ સ્ટેટ હાઈવે છે, કહેવાતા બનાવવાળી જગ્યાએ અંધારૂ થઈ ગયેલ હતું, રોડ ઉપર થી પસાર થતાં કોઈપણ વાહને હોર્ન વગાડેલ હોય અને ઢોર ભડકીને કઈ દિશામાં જાય તેનું કાંઈ નકકી ન હોય, તેઓએ મરણ જનાર બંન્ને ભેંસો ફરીયાદીની માલીકીની હોય તેવો કોઈ આધાર તપાસના કામે કબજે કરી રજુ રાખેલ નથી, આ રસ્તા ઉપર કયા વાહને મેકસીમમ કેટલી સ્પીડ ઉપર ચાલવુ તેવા કોઈ ચોકકસ દીશા નિર્દેશ કોઈ સરકારી વિભાગે અથવા આર.ટી.ઓ. એ નકકી કરી તે પ્રકારના બોર્ડ લગાડેલા હોય તે તેમના ધ્યાન ઉપર નથી, જો સામાન્ય સ્પીડમા પણ બસ જતી હોય અને ઈમરજન્સી બ્રેક એક ઝાટકામા જો મારવામા આવે તો બસ પલ્ટી જવાના તેમજ અંદર બેસેલા પેસેન્જરોને અને જાન માલને જીવનુ જોખમ થવાનુ પુરેપુરી શકયતા રહેલી છે, આવા સંજોગોમા સમાન્ય બુધ્ધીમતાનો માણસ મનુષ્ય જીવ અને માલનુ નુકશાન ન

થાય તે રીતે વર્તે, અકસ્માત સમયે બસ ચોકકસ સ્પીડ કેટલી હતી તે વિશે તેમની તપાસ દરમ્યાન કોઈ પુરાવો મળેલ નથી, આ બનાવ ચોકકસ કેવી રીતે બનેલ અને કયા સંજોગોમા આ બનાવમા બસના ડ્રાઈવરે મનુષ્ય જીવ બચાવવા માટે ઈમરજન્સીમા કઈ રીતે બનાવને અનુલક્ષીને કૃત્ય કરેલ છે તે તેમની તપાસમા રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૦) વધુમાં આ કામે આંક–૧૯ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૨૦ થી બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૧ થી પી.એમ.રીપોર્ટ આરોપીપક્ષ ની સંમતિથી રજૂ થયેલ છે પરંતુ આ દસ્તાવેજી પુરાવાઓને મૌખિક પુરાવાઓથી કોઈ જ સમર્થન મળતું નથી તેમજ આ દસ્તાવેજી પુરાવાના આધારે બનાવમાં મુળ ફરીયાદીની ભેંસોનુ અકસ્માતના કારણે મોત નીપજેલ હોવાનું માની લેવામાં આવે તો પણ આ અકસ્માત આરોપીની બેદરકારી અને ગફલતભર્યા ડ્રાઈવિંગના કારણે થયેલ હોય, તેવી હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી, જેથી આ દસ્તાવેજો ફરીયાદપક્ષને મદદરૂપ નિવડતાં નથી.

(૧૧) આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ફરીયાદપક્ષ તરફે આ કામે ફરીયાદીને તપાસવામાં આવેલા છે. આ ફરીયાદીએ તેઓના મૌખિક પુરાવામાં ફરીયાદવાળા અકસ્માતના બનાવની હકીકતને સમર્થન આપેલ છે તથા આ અકસ્માત તેઓએ નજરે જોયેલ છે પરંતુ આ અકસ્માતમાં હાલના આરોપીનુ કબજા ભોગવટાવાળી ટ્રાવેલ્સ સંડોવાયેલ હોય તેમજ હાલના આરોપી જ આ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રાવેલ્સ ચલાવતા હોય તેવુ જાણતા ન હોવાનું જણાવેલ છે.આ અકસ્માતના બનાવમાં સંડોવાયેલ આઈશર ટ્રક બનાવ સમયે હાલના આરોપી પુરઝડપે કે ગફલતભરી રીતે બેફીકરાઈથી ચલાવતા હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના રજુ પુરાવા થકી શંકાથી પર રીતે પુરવાર થતી નથી. ફરીયાદપક્ષનો તમામ પુરાવો ધ્યાને લેવામાં આવે તો તે હકીકત

સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય છે કે, બનાવ સમયે હાલના આરોપી અકસ્માતમાં સંડોવાયેલ સદર વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવતા હોવા બાબતે કોઈ સ્વતંત્ર અને સબળ પુરાવો નામદાર કોર્ટના રેકર્ડ ઉપર રજુ થયેલ નથી તે સંજોગોમાં આરોપી કસુરવાન છે તેમ ઠરાવી શકાય નહીં. ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓને નજર સમક્ષ લેતા બનાવ સમયે આરોપીએ અકસ્માતમાં સંડોવાયેલ સદર વાહન પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી ફરીયાદીને બે ભેંસોને હડફેટે લઈ મોત નીપજાવી મોટર વ્હીકલ એકટના રૂલ્સ, રેગ્યુલેશન અને નોટીફીકેશનનો ભંગ કરવાના કારણે હાલનો બનાવ બનેલ હોવાનું પણ પુરવાર થતું નથી. આમ, આરોપીએ તેમની સામે મુકવામાં આવેલ બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૩૨૫ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું તહોમત ફરીયાદ પક્ષ વાજબી શંકાથી પર રીતે સાબિત કરી શકેલ ન હોય, તેથી મુદા નં.૧ નકારમાં નિર્ણીત કરી, મુદ્દા નં.૨ માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧) આ કામના આરોપી પુજાભાઈ વિરાભાઈ સિંધલને બી.એન.એસ.ની કલમ-૨૮૧, ૩૨૫ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીના જામીનખત તથા જાત મુચરકા રદ્દ કરવામાં આવે છે. તેમજ આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫૦૦૦/-ના નવા જામીન

તથા મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

હુકમ આજ રોજ તારીખ : ૯મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી દાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર<br>
તા.૦૯–૦૪–૨૦૨૬

(અતીત મહેશકુમાર મહેતા)<br>
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>
માણાવદર<br>
કોડ નં. જી.જે.૦૧૫૨૧